અમદાવાદના મહે. એડિ. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ (કોર્ટ નં.૧૦)

ફોજદારી કેસ નંબર : ૭૭૯૫૬/૨૦૧૮

**ઈ.પી.કો.કલમ : ૯૦ અન્વયે આરોપીની ગુના કબુલાતની**
**અરજી આંક : નીચેનો હુકમ**

।૧। ચાર્જશીટ તથા સાથેના પેપર્સ, આરોપીની ગુનાની કબુલાત વંચાણે લીધી. આરોપી/આરોપીના વકીલશ્રીને સાંભળ્યા. આરોપી સામે **ઈ.પી.કો.કલમ : ૯૦**મુજબના ગુનાનું તહોમત આ અદાલતમાં રજુ કરવામાં આવ્યું છે. આજરોજ અરોપી જાતે કોર્ટમાં હાજર થઈ તેની સામેના ગુનાનો સ્વીકાર કરી તે મતલબની પુરસીસ આપી છે. વધુમાં આરોપી તરફે રજુઆત કરવામાં આવી છે કે તેની સામેનો આ પ્ર થમ ગુનો છે અને અજાણતાથી ઈરાદા વગર ગુનો થયો છે, તેના પર તેના કુટુંબની ભરણ પોષણની જવાબદારી છે. જેથી તેની પર દયા રાખી ઓછી રકમનો દંડ કરવા રજુઆત કરી છે.

।૨। આરોપીએ આજરોજ સ્વેચ્છાએ ગુના કબુલાતની પુરસીસ આપી છે. આ તબકકે એ ધ્યાને લેવું જરૂરી છે કે, કયારેક આરોપીઓ ન્યાયીક કાર્યવાહીમાં થતી વિલંબથી પોતાને થતી હેરાનગતિ તથા નાણાંકિય વ્યવમાંથી બચવા માટે પણ આરોપીઓ ગુનાની કબુલાત કરતા હોય છે. કાયદામાં ઠરાવેલી નિયત સમજા કરવામાં આવે અને આરોપીને જેલમાં મોકલવામાં આવે તો શકય છે કે આરોપી જેલમાંના અઠંગ અને રીઢા ગુનેગારોની સોબતમાં આવી જાય અને પરિણામે તે પણ તેમના જેવો ગુનેગાર બની જાય. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આ પ્રમાણેની સ્થિતીનું સર્જન ન થાય તેવી તકેદારી રાખવી તે પણ આ તબકકે જોવું જોઈએ તેમ મારૂં માનવું છે. આરોપીનો આ પ્રથમ વારનો ગુનો અજાણતાથી થયો છે અને તે બદલ તેને પસ્તાવો થયો છે. આરોપીને કદની સજામાં દયા રાખી ઓછી સજા કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આરોપી સામેનો ગુનો, કાયદામાં ઠરાવેલી સજા, ગુનાની ગંભીરતા તથા તેની આર્થિક, સામાજિક પરિસ્થિતિને તથા તેના કુટુંબની જવાબદારીને ધ્યાને લેતા આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **આ ખ રી હુ ક મ** //

(૧) આરોપીને **ઈ.પી.કો.કલમ :૧૩૧** મુજબના ગુનામાં ક્રિ.પ્રો.કો.કલમ : ૨૪૮(૨)/૨૫૨ મુજબ દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને રૂા. ૧૦૦–૦૦ (અંકે રૂપિયા એકસો પુરા નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દિન : ૧ (એક) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. આરોપીએ કાચા કામના કેદી તરીકે જેટલા દિવસ કસ્ટડીમાં સમય પસાર કરેલ હોય તેટલા દિવસ આરોપીને મજકરે આપવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૭ મી મી માહે : માર્ચ, સને : ૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ :
તારીખ : ૦૮ /૦૯/૨૦૧૮
M.M.DEVANI., P.A.

એડિશ્નલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં. : ૧૦, અમદાવાદ